Economic Times (Gujarati)

# Skipper Limited announces its arrival in Gujarat with its new manufacturing facil

Date: 15/04/2015 | Edition: Ahmedabad | Page: 2 | Source: Bureau | Clip size (cm): W: 18 H: 11

Clip: 1 of 1

# સ્કિપર લિમિટેડ પીવીસી પાઈપ્સનાં બિઝનેસને ચાર ગણો વિસ્તારશે

**ઇટી બ્યૂરો**

**અમદાવાદ**



કોલકાતા સ્થિત બંસલ જૂથની પીવીસી પાઈપ્સ અને ટ્રાન્સમિશન ટાવર બનાવતી લિસ્ટેડ કંપની સ્કિપર લિમિટેડ અમદાવાદ નજીક ચાંગોદરમાં પીવીસી પાઈપ્સ પ્લાન્ટ સ્થાપ્યો છે, જે બુધવારથી ઉત્પાદન શરૂ કરશે. કંપની તેની હાલની ૧૦,૦૦૦ ટન પ્રતિ વર્ષની ક્ષમતાને આગામી બે-ત્રણ વર્ષમાં વધારીને ૪૦,૦૦૦ ટન પ્રતિ વર્ષ કરવાનું આયોજન કરી રહી છે. કંપનીએ અમદાવાદના પ્લાન્ટમાં ₹૫૦ કરોડનું રોકાણ કર્યું છે અને વધુ ₹૫૦ કરોડના રોકાણ સાથે વિસ્તરણ કરશે.

સ્કિપર લિમિટેડના ડિરેક્ટર દેવેશ બંસલે જણાવ્યું હતું કે, "કોલકાતાનો પ્લાન્ટ ૧૦,૦૦૦ ટન પ્રતિ વર્ષની ઉત્પાદન ક્ષમતા ધરાવે છે, જેમાં અમદાવાદના પ્લાન્ટની ૧૦,૦૦૦ ટન પ્રતિ વર્ષની ક્ષમતા ઉમેરાશે. ગાઝિયાબાદ અને આંધ્રપ્રદેશમાં શ્રી સીટી ખાતે પણ પ્લાન્ટ સ્થપાવાની કામગીરી ચાલી રહી છે. આમ, આ વર્ષના અંતમાં કંપની પીવીસી પાઈપ ક્ષમતા ચાર ગણી કરીને ૪૦,૦૦૦ ટન પ્રતિ વર્ષ કરશે."બંસલે ઉમેર્યું હતું કે, આગામી બેથી ત્રણ વર્ષમાં પીવીસી પાઈપ્સ બિઝનેસની ક્ષમતા ૧,૦૦,૦૦૦ની ક્ષમતાએ પહોંચાડવાનું લક્ષ્ય છે. કંપનીએ વર્ષ ૨૦૧૪-'૧૫માં ૧,૦૪૧ કરોડનું ટર્નઓવર હાંસલ કર્યું હતું, જેમાં પાઈપ બિઝનેસનો હિસ્સો ૧૦થી ૧૫ ટકા હિસ્સો છે. હાલમાં કંપની તેના ઉત્પાદનની ૧૫ ટકા નિકાસ કરે છે, જે વધારીને આગામી બે વર્ષમાં ૨૫ ટકા પહોંચશે.

આ ક્ષેત્રના બજારના અનુમાન મુજબ દેશમાં પીવીસી પાઈપ્સ માર્કેટનું કદ ૧.૮ મિલિયન ટન છે, જે આશરે ₹૧૫,૦૦૦ કરોડનું છે અને વર્ષ ૨૦૧૯ સુધીમાં ₹૨૦,૦૦૦ કરોડે પહોંચે તેવો અંદાજ છે. કુલ પીવીસી પાઈપ્સના બજારમાં ૬૦ ટકા હિસ્સો કૃષિ ક્ષેત્રમાં વપરાય છે, જ્યારે ૪૦ ટકા હિસ્સો પ્લમ્બિંગ ક્ષેત્રનો છે. જોકે પ્લમ્બિંગ ક્ષેત્રનો વિકાસ કૃષિ ક્ષેત્ર કરતાં ઝડપી જણાઈ રહ્યો છે.

બીએસઇ પર મંગળવારે સ્કિપર લિમિટેડનો ભાવ ૨.૪૬ ટકા ઘટી ₹૧૭૫એ પહોંચ્યો હતો.